મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૪૫ ટકા
ગાંધીનગર તાપમાન

રાજયકક્ષાની બાલ વિજ્ઞાન સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનો ડંકો

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ અને હિલવુડસ સ્કૂલના પ્રોજેકટસ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા : નિસર્ગ સાયન્સ સેન્ટરના માર્ગદર્શનમાં તૈયાર કરાયેલા બંને પ્રોજેકટસની પસંદગી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાના બે પ્રોજેકટ રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૭ની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામતા જિલ્લાના શૈક્ષણિક આલમમાં આનંદનું મોજું પ્રસરવા પામ્યું છે. અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ ખાતે તા. ૨૪ થી ૨૫ નવેમ્બર દરમિયાન યોજાયેલ રાજય કક્ષાની બાલ વિજ્ઞાન કોંગ્રેસમાં આ બંને પ્રોજેકટસની પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ આ બંને પ્રોજેકટમાં એક સે-૨ ઉની એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી શાળાની હેલી પટેલ તથા બીજો હીલવુડસ સ્કૂલની તનિષ્કા ગૌર દ્વારા સહયોગીઓની મદદથી પ્રસ્તુત કરાયા હતા. બંને પ્રોજેકટ આગામી ડિસેમ્બર માસમાં સાયન્સ સીટી ખાતે યોજાનાર રાષ્ટ્રીય બાલ વિજ્ઞાનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

ગાંધીનગર જિલ્લામાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો ઉપરાંત રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધાનું જિલ્લા કક્ષાનું આયોજન પણ કરવામાં આવે છે. આ વર્ષે જિલ્લા કક્ષાની સ્પર્ધામાંથી કુલ ૧૧ શાળાઓના પ્રોજેકટસની રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. રાજયકક્ષાની સ્પર્ધામાં સમગ્ર ગુજરાતભરની શાળાઓમાંથી કુલ ૩૫૦ પ્રોજેકટસ રજુ કરાયા હતા જેમાં ગાંધીનગર જિલ્લાના બે પ્રોજેકટસને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદ કરાયા છે. આ બે પ્રોજેકટસમાં એક સે-૨ ઉની એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની હેલી પટેલનો પ્રોજેકટ 'રોલ ઓફ ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ એમેચ્યોર રેડિયો-ગીઅર ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટ' છે. જેમાં તેને કશિષ શાહ, વિશ્વા શાહ, મેશ્વા પટેલ અને મનસ્વી સોલંકીનો સહયોગ તથા શિક્ષિકા શિલ્પાબેન ત્રિવેદીનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. અન્ય પ્રોજેકટ 'સોઈલ લેસ અર્બન કિચન ગાર્ડન' પ્રોજેકટમાં તેને આસ્થા પ્રસાદ, હર્ષવર્ધન ગઢવી, હાર્દ જોષી અને હિલવુડસ સ્કૂલનો છે જે તનિષ્કા ગૌર દ્વારા પ્રસ્તુત કરાયો છે. આ કવિષ્કા સાગરનો સહયોગ તથા શિક્ષિકા સુષ્મા ઝાનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આ બંને પ્રોજેકટસ હવે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

રાજય કક્ષાએ વિજેતા બનેલા બંને પ્રોજેકટસ નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ડિરેકટર ડૉ. અનિલ પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયા છે ગાંધીનગર જિલ્લાના ગૌરવ સમાન બાલ વિજ્ઞાનીઓ હેલી પટેલ અને તનિષ્કા ગૌર સહિતના વિદ્યાર્થીઓને નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણાએ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ૩૨મી IACDE&IES ડેન્ટલ કનજરવેટીવ અને એન્ડોડોન્સીયા નેશનલ કક્ષાનો સેમિનાર (કોન્ફરન્સ) તા. ૨૪ થી ૨૬ નવેમ્બર દરમિયાન યોજાયો હતો. જેમાં ભારત દેશના તમામ રાજયો ઉપરાંત અમેરિકા, જાપાન, યુ.કે., કેનેડા, જર્મની, ઈટલી જેવા વિકસીત દેશોના નિષ્ણાત ડેન્ટલ સર્જનોએ ભાગ લીધો હતો. ગુજરાતમાં પહેલી વખત જ આ સેમિનાર યોજાયો હતો. એ ગુજરાતનું ગૌરવ છે.

જેમાં કર્ણાટક રાજયના માનનીય રાજયપાલશ્રી વજુભાઈ વાળા (પુર્વ નાણામંત્રી ગુજરાત)એ કર્ણાટકથી આવી ઉદઘાટન કરી સેમિનારને ૩ દિવસ માટે ખુલ્લો મુકાયો હતો. જેમાં માનનીય ગવર્નર વજુભાઈ વાળાનું સેમિનારના ચેરમેન ડૉ. ગિરિશ પરમાર તથા જનરલ સેક્રેટરી ડૉ. હસમુખ ગોસ્વામીએ ગવર્નરશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું તેમજે સમિનાર સફળતાપૂર્વક પુર્ણ કર્યો હતો.

ભૂખ્યાજનોનો જઠરાગ્નિ ઠારતા યુવા સ્વયંસેવકો

આજના યુગમાં એક તરફ મોટી મોટી હોટેલ્સ, રિસોર્ટ તથા ઝાકમઝોળ ભરેલી ભવ્ય પાર્ટીઓમાં ભોજનનો અઢળક બગાડ થાય છે ત્યારે બીજી તરફ દેશમાં અનેક નાગિરકોને ભૂખ્યાં સુઈ જવું પડે છે. જો કે હવે અન્નના બગાડ પ્રત્યે નવી પેઢી જાગૃત થઈ રહી છે તે એક આશાવાદ છે. ગાંધીનગરની પીડીપીયુ યુનિવર્સિટીની મેસમાં વધેલા ભોજનને વિદ્યાર્થીઓની 'રોબિન હૂડ આર્મી'ના સ્વયંસેવકો ફેંકી દેવાને બદલે ભૂખ્યાજનોના જઠરાગ્નિ ઠારવા માટે શહેરના વિવિધ ઝુંપડપટ્ટી વિસ્તારમાં ફરી શ્રમજીવી પરિવારોના જરુરીયાતમંદોમાં વિતરણ કરી યુવા વયે અનોખી સેવાનું પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડી રહ્યા છે.

પ્રકૃતિએ નિમેલી 'રાજમાતા' એટલે ગાયમાતા

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓના પગલે ચોતરફ રાજકારણ ગરમાયું છે. અને દરેકને જીવવું છે માટે ગળાકાપ સ્પર્ધા જામી છે. જેમાં નીતિ અને વિવેક નામના તત્વોને સદંતર નેવે મુકી દેવાયા છે. આજના રાજકારણમાં કોઈ ગાયના નામે તો કોઈ ગધેડાં-વાંદરા કહી નિમ્ન કક્ષાની રાજનીતિ કરાઈ રહી છે ત્યારે જેમના નામે આ ખેલ ખેલાઈ રહ્યા છે તે અબોલ પશુઓને તો તેની લેશમાત્ર પણ ખબર નથી. આ નિર્દોષ પ્રાણીઓ તો ઈશ્વરે બક્ષેલી જીંદગીને તેમની નેસર્ગિક સદભાવના પ્રદર્શિત કરતા મસ્તીથી જીવી રહ્યા છે. ગાંધીનગરના રક્ષાશકિત સર્કલ નજીક ધોળાકુવા તરફના માર્ગે એક ગાયમાતા શ્વાનને પોતાના વાછરડા સમો પ્રેમ આપતા અને પ્રત્યુત્તરમાં શ્વાન દ્વારા પણ ગાયમાતા તરફ એટલો જ સ્નેહ દાખવતા નજરે ચઢયા હતા. આ દૃશ્ય જોઈ કહેવાનું મન થાય છે કે માનવી ગાય માતાને 'રાજય માતા' કહે કે ના કહે પરંતુ તે ખરા અર્થમાં પ્રકૃતિએ નિમેલી 'રાજમાતા' જરુર છે.

વીપીએમપી કોલેજ ખાતે ધો-૧૦ પછી કારકિર્દી અંગે સેમિનાર

શેઠ સી.એમ. હાઈસ્કૂલ અને આર.જી. કન્યા વિદ્યાલયના વિદ્યાર્થીઓના વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૬

આજના સ્પર્ધાત્મક યુગમાં શિક્ષણ દિન પ્રતિદિન જટિલ બનતું જાય છે. હવે બાળક મોટું થઈને શું બનશે તેનું વાલીઓ અગાઉથી આયોજન કરવા લાગ્યા છે. જેના કારણે કારકિર્દી લક્ષી શિક્ષણનો મહિમા વધતો જાય છે. ગાંધીનગરના સેકટર-૧૫માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન વી.પી.એમ.પી. પોલિટેકનીક કોલેજ ખાતે સે-૨ ઉની બે શાળાઓના ધો-૧૦ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે કારકિર્દિ માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો તેમજ વાલીઓને પરિણામ સુધારણા અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

સેકટર-૨ ઉની શેઠ સી.એમ. હાઈસ્કૂલ અને આર.જી. કન્યા વિદ્યાલયના ધો-૧૦ના આશરે ૨૦૦થી વધુ વિદ્યાર્થીના વાલીઓને તેમના સંતાન માટે કેવા પ્રકારની કારકિર્દી લક્ષી તકો રહેલી છે તે અંગે ઓડિયો-વિઝયુઅલ પ્રેઝન્ટેશન દ્વારા સઘન માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં એન્જિનીયરીંગ ક્ષેત્રે સરકાર દ્વારા નિયત બેઠકો અને પ્રવેશ પ્રક્રિયા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બંને શાળાના આચાર્યો એ પણ બાળકોના પરિણામ સુધારણા માટે વાલીઓને ઉપયોગી સલાહ પુરી પાડી હતી. કાર્યક્રમના અંતમાં વાલીઓને વીપીએમપી કોલેજની મુલાકાત પણ કરાવવામાં આવી હતી.

વાતવાતમાં

● ગાંધીનગરના ખ રોડ પર મહાત્મા મંદિરના કારણે વાહનોની અવરજવરમાં ઘણો વધારો થયેલો જોવા મળી રહ્યો છે. આ માર્ગ પર એક છેડે સમર્પણ કોલેજ કેમ્પસ, વચ્ચે મહાત્મા મંદિર અને બીજો છેડો સરખેજ ગાંધીનગર હાઈવેને જોડતો હોવાથી હવે શટલિયા ઓટો રીક્ષાની સગવડ પણ ચાલુ થવા પામી છે.

● શહેરમાં લગ્નોની ભરમાર હોવાને કારણે માર્ગો પર શણગારેલી ગાડીઓ તથા જાનની બસોની અવરજવર જોવા મળી હતી. બીજી તરફ વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ વધવાને કારણે રાત્રિના રાસ ગરબાના કાર્યક્રમો પર તેની અસર વર્તાઈ રહેલી જોવા મળે છે.

સહજીવનમાં સકારાત્મક પારદર્શિતા લાવી રહ્યું છે સહશિક્ષણ

સહશિક્ષણના કારણે નવી પેઢીના સંબંધોમાં વધુ પ્રમાણિકતા : કેટલીક મર્યાદાઓને સંભાળી લેવાય તો સહશિક્ષણ સહજીવનને વધુ તંદુરસ્ત બનાવવામાં ઉપયોગી

લાગ્યું એવું લખ્યું
સમીર રામી

ગાંધીનગર, તા.૨૬

'બેટી બચાવો, બેટી પઢાઓ' જેવા સરકારી અભિયાનો સાથે આધુનિક સમયમાં મહિલાઓના સન્માન અને અધિકારો પ્રત્યે જાગૃતિ વધતી જાય છે. વળી આ સાથે જ શિક્ષણ અને બાળ ઉછેર બાબતે પણ જુના અભિગમોમાં પરિવર્તન આવતું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. અગાઉના સમયમાં છોકરીઓને શિક્ષણથી દૂર રખાતી હતી અથવા તો મર્યાદિત શિક્ષણ જ અપાતું હતું. તેમાંથી ધીમે ધીમે તેમના માટે અલગ શાળાઓની વિભાવનાનો વિકાસ થયો છે. હવે આ કન્યા શાળા કે કુમાર શાળાઓના બદલે છોકરા-છોકરીઓના સહ શિક્ષણનો કોઈ છોછ રહ્યો નથી એટલું જ નહી પરંતુ તેનું મહત્વ પણ વધતું જાય છે. જો કે હજુ પણ કેટલાક ના મતે સહ શિક્ષણ જોખમી છે પરંતુ આધુનિક વૈશ્વિક માહોલમાં આ વિરોધ નબળો પુરવાર થઈ રહ્યો છે.

વિશ્વભરના સામાજિક જીવનમાં ઈન્ટરનેટ અને સ્માર્ટફોનના આગમન પછી ઘણું પરિવર્તન આવતું જોવા મળી રહ્યું છે અને આ પરિવર્તનના પગલે વૈશ્વિક 'લિબરાલાઈઝેશન' નો મહિમા વધતો જણાય છે તો જુની પુરાણી જડ કરી ગયેલી સંકુચિત માન્યતાઓ નબળી પડતી જાય છે. જો કે હજુ પણ આપણા દેશમાં કન્યાશિક્ષણ પ્રત્યે અનેક સમાજોમાં રૂઢિગત માનસિકતા દૂર થવાનું નામ લેતી નથી પરંતુ બીજી તરફ ખૂબ મોટો વર્ગ માત્ર કન્યા કેળવણી નહી પરંતુ સહશિક્ષણ પ્રત્યે પણ ઉદારવાદી બનતો જોવાઈ રહ્યો છે. એક સમયે છોકરા-છોકરીઓ સાથે ભણે, હળે-મળે તે સેકસ્યુઅલ કાઈમને ઉત્તેજન આપે છે તેવું મનાતું હતું તેને સ્થાને છોકરા-છોકરીઓને અલગ અલગ રાખવા તે આ પ્રકારના ગુનાઓ માટે જવાબદાર બનતું હોવાની વિચારશૈલી બંધાતી જોવા મળી રહી છે. આજના વાલીઓ પોતાની દિકરી માટે માત્ર 'કન્યા શાળા' જ શોધવાને બદલે 'સારી શાળા' શોધવાનું વધુ ઉચિત માની રહ્યા છે. આધુનિક વિચાર શૈલીના આ વાલીઓ માને છે કે છોકરા છોકરીઓ સાથે અભ્યાસ કરે તેમાં તેઓ વિજાતીય પાત્રોની વર્તણુંક અને વાણી-વ્યવહારથી સુપેરે પરિચિત થાય છે. આ સ્થિતિ તેમના ભાવિ સાંસારિક જીવન માટે ખુબ ઉપયોગી સાબિત થાય છે. સહ શિક્ષણના કારણે આ બાળકો સામાજિક રીત રીવાજો અને તેમાં રહેલી સારી કે નરસી બાબતોને સારી રીતે સમજી શકે છે.

મિત્રતા એ માનવીના જીવનનું ખૂબ જ ઉપયોગી અને અત્યંત આવશ્યક પરિબળ છે. અત્યાર સુધી બે યુવાનો કે બે યુવતીઓ વચ્ચે જ ગાઢ મિત્રતા હોય તેવી માન્યતા પ્રવર્તતી હતી. પરંતુ આજના સહ શિક્ષણના કારણે યુવાન અને યુવતિઓ વચ્ચે પણ જાતીય સંબંધો વિના પણ ગાઢ મિત્રતા હોઈ શકે છે તેવું સાબિત થયું છે. વળી, સહ શિક્ષણના પ્રતાપે છોકરા છોકરીઓ વચ્ચે આપસી સમજ તથા સન્માનની ભાવના વધતી જોવા મળી રહી છે કારણ કે આજની પેઢી વધુ નિખાલસ અને વધુ પ્રમાણિક છે તે વાતમાં બે મત નથી. વળી, સહશિક્ષણના કારણે લગ્નજીવનનો આધાર માત્ર કન્યાની 'સુરક્ષિત વર્જીનિટી' હોવાનો ખ્યાલ હવે હાસ્યાસ્પદ બનતો જાય છે. તેને સ્થાને નવી પેઢી ઉદારતાથી પોતાના જીવનસાથીના વિજાતીય સંબંધોના ભૂતકાળને સ્વીકારતી જોવા મળી રહી છે. અગાઉના સમયમાં અને હજુ પણ કયાંક મહિલાઓને પુરુષ મિત્ર હોવા પ્રત્યે અણગમા તથા શંકાની નજરે જોવામાં આવે છે પરંતુ આગામી પેઢી આ પ્રકારની માનસિકતા ત્યજીને એકબીજાના સંબંધને યોગ્ય માન, એકબીજાની પસંદગીનું સન્માન અને એકબીજાની મર્યાદાઓનો સ્વીકાર સહજ રીતે કરનારી પેઢી છે. તેમાં કોઈ જ અતિશયોકિત જણાતી નથી. આ પરિવર્તન માટે સહશિક્ષણે ખૂબ જ મહત્વનો ભાગ ભજવ્યો છે. વળી, વિજાતીય પાત્રો સાથે નિખાલતાથી રહેવાને પ્રતાપે આજના યુવાન-યુવતિઓના વ્યકિતત્વનો વિકાસ પણ સારી રીતે થતો જોવા મળે છે કેમ કે તેઓ એકબીજામાંથી ઘણું બધું શીખી રહ્યા છે. સહ શિક્ષણનો જો સૌથી મોટો ફાયદો હોય તો એ છે કે કેટલીક શારિરીક બાબતોને કારણે પેદા થતી ગેરમાન્યતા અને તેના પરિણામે વિકસતી લઘુતાગ્રંથી કે હીન ભાવનાઓ ધીમે ધમે ઓગળતી જાય છે અને આ લઘુતાગ્રંથીમાંથી પેદા થતા ભયંકર માનસિક તણાવમાંથી સહ શિક્ષણમાં ઉછરેલી પેઢી મુકત બનતી જાય છે. પરિવારમાં ભાઈ-પિતા કે કાકા જેવા પુરુષ સંબંધો દ્વારા દિકરીઓની વિજાતીય મિત્રતાનો સ્વીકાર તેમના વ્યકિતત્વને ખિલવા માટ પોષણ પુરું પાડી રહ્યો છે.

દરેક બાબતને બે પાસા જરૂર હોય છે અને સ્વછંદતા કે વિચારશૈલીમાં રહેલી નકારાત્મકતા સારી બાબતોનો પણ દુરુપયોગ કરી શકે છે. સહ શિક્ષણના કારણે વાલીઓમાં તેમના સંતાનો બુરી લતે ચઢી જશે તેવો ડર સાવ ખોટો નથી હોતો. કેટલીકવાર આવા સંતાનો પોતાના મા-બાપને ગેરમાર્ગે પણ દોરે છે. સહશિક્ષણના કારણે સંતાનો પ્રેમ લગ્ન તરફ ઢળી શકે છે જેના કારણે કયારેક કૌટુંબિક વિખવાદનું કારણ ઉભું થાય છે. કયારેક અણસમજ કે ઉંમરના ઉન્માદમાં કિશોર વયના બાળકો ભૂલ કરી બેસે છે જે તેમના ભાવિ જીવન પર ઘેરી અસરો છોડી શકે છે તો કયારેક નિખાલસતાથી અને વિશ્વાસથી લીધેલી છૂટ ભવિષ્યના લગ્નજીવનમાં ગેરસમજો પેદા કરવાનું જોખમ પણ ખડું કરે છે. સહશિક્ષણના કારણે બાળકો મહિલા-પુરુષના ભેદ અને જુદાપણાને વહેલા ઓળખતા થવાથી માનસિક રીતે ઉમર પહેલા પરિપકવ થતા પણ જોવા મળે છે. મહિલાઓને પુરુષ સમકક્ષ ગણવાની આધુનિક વિચારશૈલી આવકારદાયક છે પરંતુ સહશિક્ષણમાં આ બાબત જયારે સ્પર્ધાત્મક સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે સર્વોપરિતા સાબિત કરવાની હોડ તણાવ પેદા કરી શકે છે. જો કે થોડી ઘણી મર્યાદાઓ છતાં છોકરા છોકરીઓના સહશિક્ષણનો આ યુગ તંદુરસ્ત સામાજિક જીવન તરફ દોરી જઈ રહ્યો છે. જે આગામી સમયમાં સહજીવનમાં વધુને વધુ પારદર્શિતા લાવશે તેવું ચોકકસપણે જણાય છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

આદર્શ નિવાસી શાળામાં સંવિધાન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સેકટર-૮માં આદર્શ નિવાસી શાળા ખાતે આજે સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળાના ધોરણ-૧૦માં અભ્યાસ કરતા યશ વાઘેલા અને કરણ મકવાણા એ 'સંવિધાનની રચના અને તેનું મહત્વ' વિશે વિદ્યાર્થીઓને સુંદર માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને શાળાના આચાર્ય જી.કે. સોલંકીના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો.

ચિરવિદાય

- સ્વ. મોહનજી અંબાલાલ ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. પટેલ શાંતાબેન કેશવલાલ, ઉ.વ. ૮૮
- સ્વ. પરીખ ભાનુમતી જયંતિલાલ, ઉ.વ. ૮૦
- સ્વ. ભટ્ટ રતીલાલ પુરુષોત્તમ, ઉ.વ. ૭૪
- સ્વ. વાઘેલા જસવંતસિંહ હમિરસિંહ, ઉ.વ. ૬૫